સપ્ટેમ્બર ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સાચો આનંદ



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૧
સળંગ અંક : ૧૦૯
સપ્ટેમ્બર ૨૦૧૭
.................................
સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

અક્રમ એક્સપ્રેસ

# સાચો આનંદ

## સંપાદકીય

બાળમિત્રો,

આનંદ આનંદઊભરાય,
હૈયુ ઝાલ્યું ન ઝલાય
જ્ઞાની સંગે જીવનની
પળ પળ ઉલ્લાસે જાય...

હા, જીવનમાં જ્ઞાની પુરુષ ભેગા થયા કે સાચા આનંદની શરૂઆત થઈ જાય. બાકી બધા આનંદ એ કાલ્પનિક આનંદ છે. જ્ઞાની પુરુષ આત્માનું જ્ઞાન આપે ત્યાર બાદ સહેજે આનંદ ઉત્પન્ન થાય.

સાચો આનંદ એટલે શું ? એ કેવો હોય ? એનો અનુભવ કેવો હોય ? એનું વર્ણન વાંચીને પણ આનંદ થાય એવું છે.

તો ચાલો, આપણે એ આનંદના ધોધનું એક ટીપું માણીએ.

- ડિમ્પલ મહેતા

# દાદાજી કહે છે...



પ્રશ્નકર્તા : શોખ શેનો રાખવાનો ?

દાદાશ્રી : આનંદનો, કાયમ આનંદ રહે એનો શોખ રાખવાનો અને જે થાળીમાં હોય, તે ખાવું-પીવું ને મોજ કરવી. એની કંઈ 'ના' નથી.

## જ્ઞાનીના દર્શનથી આનંદ

પ્રશ્નકર્તા : એવી કઈ ચીજ છે દુનિયામાં કે જે આનંદ પમાડે ?

દાદાશ્રી : 'જ્ઞાની પુરુષ' ને જોતાં જ આનંદ આવે.


પ્રશ્નકર્તા : તમને સાંભળતાં જ અમને અપાર આનંદ થાય છે તો આપને કેટલો આનંદ છે ?

દાદાશ્રી : મારી મહીં જે આનંદ ભરેલો છે, તમારી મહીં પણ એ જ આનંદ ભરેલો છે, બધામાં એ જ આનંદ છે. જેનો જેટલો પુરુષાર્થ અને જેટલો 'જ્ઞાની' નો રાજીપો, એ બે ભેગા થયા કે આનંદ વર્તે.

પ્રશ્નકર્તા : એટલે ? સંપૂર્ણ આનંદ ક્યારે વર્તે ? બધા દોષો (ભૂલો) ગયા પછી જ ને ?

દાદાશ્રી : જીવમાત્રને મહીં ભરપટ્ટે આનંદ ભરેલો જ છે, પણ એ આનંદ આવતો બંધ થઈ ગયો છે. કારણ કે કષાય, ક્લેશ, રાગ-દ્વેષ થાય તેનાથી આત્મા પર આવરણ આવે ને આનંદ ચાલ્યો જાય. ક્રોધ-માન-માયા-લોભની ગેરહાજરી તે જ આનંદ. સંસારી આનંદ આવે છે એ ટેમ્પરરી છે. દા.ત. પિક્ચર જુઓ એટલી વાર મજા આવે પછી પાછો એનો એ જ કંટાળો. એટલે આનંદમાં થાક ના હોય. કંટાળો ના હોય.

## સાચા આનંદનો અનુભવ !




પ્રશ્નકર્તા : સાચા આનંદને કઈ રીતે અનુભવાય ?

દાદાશ્રી : સાચો આનંદ બાહ્ય કોઈ રીતે અનુભવાય નહીં. આ બહારના આનંદ માટે ઈન્દ્રિયોની જરૂર પડે. દા. ત. ટેસ્ટી ખાવાનું મળે, સ્વાદની ઈન્દ્રિય-જીભને સંતોષ મળે તો આનંદ આવે. પણ સાચા આનંદ માટે ઈન્દ્રિયોની જરૂર નથી. સાચો આનંદ તો શાશ્વત (પરમેનન્ટ) આનંદ હોય. એમાં કોઈ પણ વસ્તુનો આધાર ના હોય. આધાર એટલે કોઈ મનગમતી વસ્તુ મળે કે કોઈ વખાણ કરે અને જે આનંદ થાય એ આધારવાળો આનંદ કહેવાય ! સાચો આનંદ તો કોઈ અપમાન કરી જાય તો ય આનંદ ખસે નહીં એનું નામ સાચો આનંદ !!

ગાયના શિંગડા પર રાઈનો દાણો મૂકે ને જેટલી વાર ટકે એટલી જ વાર જો આત્માનો આનંદ ચાખે તો એ પછી જાય નહીં. સાચો આનંદ એકધારો રહે, બહુ તૃપ્તિ રહે. એ આનંદનું વર્ણન ના થાય.



# આ તો




બુદ્ધિ ગયા પછી આનંદ ખૂબ વધતો જાય. આ આનંદનું ધામ જ છે પણ બુદ્ધિ ડખલ કરે છે વચ્ચે.

# નવી જ વાત !

પ્રશ્નકર્તા : બધાને નિર્દોષ જોવામાં કેવો આનંદ મળે છે ?

દાદાશ્રી : એ આનંદ, એ મુક્તિનો આનંદ કહેવાય.




સિદ્ધ ભગવાનનો એક મિનિટનો આનંદ, આખા જગતમાં તમામ જીવોનો એક વરસ દહાડાનો આનંદ ભેગો કરે એટલો હોય.




# સિંહના સંતાન




એક સુંદર મજાનું વન હતું. એક દિવસ એક ગર્ભવતી સિંહણ વનમાં શિકાર કરવા નીકળી.




શિકાર પર તરાપ મારતાં, સિંહણ સમતુલા ગુમાવી બેઠી અને મરણ પામી. તે જ વખતે એના ગર્ભમાંથી એક સિંહનું બચ્ચું જન્મ્યું.




તે જ સમયે ઘેટાનું ટોળું ત્યાંથી પસાર થઈ રહ્યું હતું. નવું જન્મેલું બચ્ચું જોઈને,
ચાલો, આ બચ્ચાને આપણે આપણી સાથે લઈ લઈએ. આજથી એના ઉછેરની અને સંભાળવાની જવાબદારી આપણી રહેશે.
ઘેટાંઓ સિંહના બચ્ચાને ઉછેરવા લાગ્યા. બચ્ચાનું નામ રાખ્યું ગોલુ.
બેં બેં....
અરે ગોલુ, તને ભૂખ લાગી છે ? ચાલ, આપણે ઘાસ ચરવા જઈએ.
ઘાસ ચરતાં ચરતાં ગોલુ દૂર નીકળી ગયું.
ગોલુ, એ બાજુ ના જઈશ. ત્યાં બધા હિંસક પ્રાણીઓ રહે છે. એ આપણને ખાઈ જાય.
આમ સિંહનું બચ્ચું ઘેટાંઓ સાથે રહીને, ઘાસ ખાતું, બેં બેં કરતું અને ઘેટાઓ જેવું ડરપોક બની ગયું.


ગોલુ મોટો થઈને સિંહ બન્યો, પણ તે એમ જ માનતો કે પોતે એક ઘેટું જ છે.
એક દિવસ બીજો સિંહ શિકાર શોધવા નીકળ્યો. ગોલુને જોઈને...
અરે, આ સિંહ ઘેટાના ટોળામાં શું કરે છે ?!!
સિંહને પોતાની પાસે આવતાં જોઈને, ગોલુ ઊભી પૂંછડીએ નાઠો. જેમ તેમ કરીને સિંહે ગોલુને પકડ્યો.
અરે સિંહ, તું આ ઘેટાના ટોળામાં શું કરે છે ? તું ઘેટું નથી. તું તો સિંહનું સંતાન છે. તું સિંહ જ છે.
હું તો ઘેટું છું. મહેરબાની કરીને મને જવા દો. બેં...બેં...


પેલો સિંહ ગોલુને તળાવે ઘસડી ગયો...
જો, આ છે તારું પ્રતિબિંબ
અને આ છે મારું.
ગોલુએ સરખામણી કરી. તેણે સિંહ તરફ જોયું,
પછી પોતાના પ્રતિબિંબ સામે જોયું.
તરત જ
ગોલુને ખ્યાલ
આવ્યો કે પોતે
સિંહ હતો.
અને તેણે મોટી
ગર્જના કરી.
તે દિવસથી
ગોલુનું બેં બેં
ચાલ્યું ગયું.
જાતજાતના
ડરોમાં
ફસાયેલો
ગોલુ, તે
દિવસથી
નિર્ભય બની
ગયો અને
સદા આનંદમાં
રહેવા લાગ્યો.
મિત્રો, જ્યારે ગોલુને પોતાની સાચી
ઓળખાણ પડી કે પોતે સિંહ છે, તો તે
નિર્ભય બનીને આનંદમાં રહેવા લાગ્યો.
એમ દાદાએ પણ આપણને આપણી
સાચી ઓળખાણ કરાવી નિર્ભય
બનાવ્યા છે. આપણે પણ દાદાના વારસ
છીએ. ચાલો, આજથી નક્કી કરીએ કે
જ્ઞાનીની છાયામાં રહીને, જ્ઞાનીએ
આપેલા જ્ઞાન અને સમજણના આધારે
સદા આનંદમાં રહીશું.



**મરુતનો ઉત્સાહ સમાતો નહોતો. સ્કૂલ બસમાંથી ઊતરીને એણે ઘર તરફ દોટ મૂકી. ઘરમાં દાખલ થતાં જ એણે પપ્પાના હાથમાં એક ફોર્મ પકડાવ્યું,**

# સાચું

મરુતનો ઉત્સાહ સમાતો નહોતો. સ્કૂલ બસમાંથી ઊતરીને એણે ઘર તરફ દોટ મૂકી.

ઘરમાં દાખલ થતાં જ એણે પપ્પાના હાથમાં એક ફોર્મ પકડાવ્યું, "પપ્પા, સ્કૂલમાં આવતા અઠવાડિયાથી ક્રિકેટ ટ્રેનીંગ ક્લાસ શરૂ થવાના છે. પ્લીઝ, આ ફોર્મ ભરીને સહી કરી આપો. ફી પણ બહુ નથી. બોલ, બેટ, બીજા સાધનો તો એ લોકો જ પૂરા પાડશે. ઓ..., આઈ એમ સો એક્સાઈટેડ."

"બસ... બસ... બસ... બેટા ! ધીરો પડ. પહેલાં શાંત થઈને શ્વાસ લે. અને પાણી પી." મરુતના માથે હાથ ફેરવતાં પપ્પા બોલ્યા, "દોડીને આવ્યો છું તો હજુ હાંફે છે. બેસીને વાત કર."

મરુત તરત બેસી ગયો. બાજુના ટેબલ પર દફતર મૂક્યું. મમ્મીએ ધરેલો પાણીનો ગ્લાસ, એક જ ઘૂંટમાં ગટગટાવી ગયો અને પછી બોલ્યો, "ઓકે ? હવે બોલોને, પપ્પા ? હું આ ક્લાસ જોઈન (જોઈન્ટ) કરુંને ?"

મમ્મી પપ્પાએ એકબીજા સામે જોયું અને મરુતની પાસે બેઠા.

"જો બેટા, સવાલ ફીનો નથી પણ તને એમાં મજા આવશે જ એની શું ખાતરી ?" પપ્પાએ ગંભીર સ્વરે પૂછ્યું.

મરુત તરત બોલ્યો, "મને બહુ મજા આવશે, મારા બંને ફ્રેન્ડ્સ પણ જવાના છે."

"બેટા, પણ એમને ગમશે એટલે તને પણ ગમશે, એવું કેવી રીતે કહેવાય ? ચેસ ક્લબમાં પણ તેં તારા ફ્રેન્ડની સાથે જ નામ નોંધાવ્યું હતુંને ? શું થયું એમાં ? ચાર દિવસ જઈને પછી તેં જવાનું બંધ કરી દીધું. એમાં પણ તું આટલો જ એક્સાઈટેડ હતોને, શરૂઆતમાં ? જ્યારે કશું નવું શરૂ કરે ત્યારે બહુ ઉત્સાહમાં હોય છે અને પછી થોડા જ દિવસોમાં તારો ઉત્સાહ ગાયબ થઈ જાય છે." પપ્પાએ મરુતને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કર્યો.

# સુખ ક્યાં ?



મમ્મી સામે મરુતે આશાભરી નજરે જોયું અને બોલ્યો, "પણ મમ્મી, ચેસ-ક્લબ ખરેખર બોરિંગ જ હતું. ખબર નહીં વિશાલને એમાં શું ગમ્યું! પણ આમાં તો એવું કશું નથી કે મને ના ગમે કે બોર થવાય. પપ્પા... પ્લી...ઝ!"

પપ્પાએ જરા હસીને પૂછ્યું, "અચ્છા, અને પેલા પિયાનો ના ક્લાસ ? જે ગઈ સાલ અધૂરા મૂકી દીધા હતા, અને એની પહેલાં સ્વીમીંગ અને..." પપ્પાનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ મરુત બોલ્યો, "આ વખતે એવું કશું નહીં થાય. પ્રોમિસ. હું આ ક્લાસ ચોક્કસ પૂરા કરીશ. પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ...!"

મમ્મી હાથ ઊંચા કરીને રસોડામાં જતી રહી. બાજુની રૂમમાં બેઠેલા દાદાજીએ આ બધી વાતો સાંભળી. ધીમે રહીને તેઓ રૂમની બહાર આવ્યા અને મરુતના ગાલ પર હળવેથી હાથ ફેરવીને કહ્યું, "અરે, મારો દીકરો, આવી ગયો સ્કૂલેથી ? આજે તો બહુ ઉત્સાહમાં દેખાય છે ને ! ચાલ, મારી સાથે પાર્કમાં વોક લેવા આવશે ? ત્યાં સુધી તારા મમ્મી, પપ્પા તારી વાત પર વિચાર પણ કરી લેશે."

દાદાજી સાથે પાર્કમાં જવાની મરુતને ખૂબ મજા પડતી. એ તરત તૈયાર થઈ ગયો.

ચાલતાં ચાલતાં દાદાજીએ મરુતને વાતે વળગાડ્યો, "મરુત, જાણે છે એક વાત ? હું તારી ઉંમરનો હતો ત્યારે મારે એક પ્રોબ્લેમ હતો."

"શું દાદાજી ?"

"મને પણ તારી જેમ દોસ્તો સાથે રમવાનું, ફરવાનું, નાટકો જોવાનું બહુ ગમતું. પણ કોઈપણ મનગમતી એક્ટીવીટી શરૂ કરું, ત્યારે મને વિચાર આવતો કે આ પૂરી થઈ જશે પછી શું ? અને એ વિચારથી જ મારી બધી મજા જતી રહેતી."

એકદમ જાણે કશું સમજાયું હોય તેમ મરુત બોલ્યો, "હા. એ જ તો છે મારો પ્રોબ્લેમ. પણ એનો ઉપાય, શું દાદાજી ?"



દાદાજી મીઠું હસ્યા. તળાવ પાસે એક બાંકડા સામે ઈશારો કરી બોલ્યા, "જા, ત્યાં જઈને બેસ. હું ગરમા ગરમ મસાલેદાર મકાઈ લઈને આવું. પછી આપણે શાંતિથી વાતો કરીએ."

બાંકડા પર બેઠો બેઠો મરુત સામે બાંકડે એક નાના બાળકને નિહાળી રહ્યો હતો. પાંચ-છ માસનું એ બાળક ટ્રોલીમાં હાથ પગ હલાવીને જાતે જ રમતું હતું. જાત જાતના હુંકારા અને વિચિત્ર અવાજો કરીને એની જ મસ્તીમાં હસ્યા કરતું હતું.

ત્યાં તો દાદાજીએ આવીને મરુતને હાથમાં મકાઈ આપી અને એની બાજુમાં બેઠા. હસતું રમતું બાળક જોઈને દાદાજી બોલ્યા, "કેવું મજાનું રમે છે, આ બાળક! મજા માટે છે એને કશાની જરૂર?"

"સાચે, દાદાજી! આવા નાના બાળકો તો કાયમ ખુશ જ રહે. ભૂખ લાગે, પેટમાં દુઃખે કે કંઈ તકલીફ થાય તો જ રડે." બાળક સામેથી નજર હટાવ્યા વગર જ મરુતે જવાબ આપ્યો.

ત્યાં તો એક બાળકનો રડવાનો અવાજ આવ્યો. ત્રણેક વર્ષના એ બાળક સામે નજર કરી, દાદાજી બોલ્યા, "અરે, હમણાં તો આ મજાનો આઈસ્ક્રીમ ખાતો હતો. અને આટલી વારમાં રડવા માંડ્યો!"

"એ તો આઈસ્ક્રીમને લીધે ખુશ હતો ને! આઈસ્ક્રીમ પતી ગયો એટલે રડવું આવ્યું!," મરુતે હસતાં હસતાં ટકોર કરી.

"ખરું કહે છે, દીકરા," દાદાજીએ મરુતની પીઠ થાબડી.

મરુત થોડું મલકાયો. કેટલા દિવસો પછી આજે મરુત દાદાજી સાથે પાર્કમાં શિયાળાનો સોહામણો તડકો માણી રહ્યો હતો. ત્યાં તો એક ઠંડો વાયરો વાયો અને ફૂલોની સરસ મજાની સુગંધથી વાતાવરણ મહેકી ઊઠ્યું. દાદાજીએ એક ઊંડો શ્વાસ



**જે પોતે અંદરથી આનંદિત હોય એ જ તો બીજાને આનંદ વહેંચી શકે. ખરુંને ?**

લીધો. એમના ચહેરા પર મરુતે એક અનેરો આનંદ જોયો.

"શું થયું દાદાજી?", મરુતને આશ્ચર્ય થયું.

"આ સરસ મજાની મહેકથી મને પેલા કસ્તુરી મૃગની યાદ આવી", દાદાજીએ કહ્યું.

"કસ્તુરી મૃગ?", મરુતે પૂછ્યું

"હા, કસ્તૂરી મૃગ. કસ્તુરીની સુગંધથી આકર્ષાઈને, એ સુગંધની શોધમાં વનો અને જંગલોમાં ભટકતું હતું. એને એ ખબર જ નહોતી કે, જે સુગંધની શોધમાં એ ભટકે છે, તે મૂલ્યવાન કસ્તુરી, એની અંદર, એની નાભિમાં જ છે."

મરુત ખૂબ વિચારશીલ હતો. દાદાજીની વાતમાં એને ખૂબ રસ પડ્યો.


"જો ને, આપણું જીવન પણ એ મૃગ જેવું જ છે ને! બહારની વસ્તુઓમાં આપણે સુખ શોધીએ છે. ક્યારેક લાગે છે કે આઈસ્ક્રીમમાંથી સુખ મળશે, તો ક્યારેક ટી.વી.માંથી. પણ, જે વસ્તુઓના આધારે આપણે સુખ લેવા જઈએ છે, તે બધું જ ટેમ્પરરી હોવાથી આપણને સુખ પણ ટેમ્પરરી જ મળે છે. જોયું ને આઈસ્ક્રીમ પતી ગયો, એટલે પેલા છોકરાને કેવું રડવું આવ્યું! જેમ, કસ્તુરીની સુગંધ, કસ્તુરીની અંદર એની નાભિમાં હોય છે, તેમ આપણું સાચું સુખ, સાચો આનંદ બહાર ક્યાંય નથી પણ આપણી અંદર જ છે!"

મરુતને દાદાજીની વાત સમજાઈ રહી હતી, "એટલે દાદાજી, જેમ પેલું નાનું બાળક કશા કારણ વિના ખુશ હતું, તેમ આપણે પણ ખુશ રહીએ તો એ જ સાચો આનંદ કહેવાય?"

"હા દીકરા", દાદાજીએ પ્રેમથી મરુતના માથે હાથ ફેરવ્યો.


ઘરે પહોંચીને મરુતે કહ્યું, "મમ્મી, પપ્પા તમે જે ડીસાઈડ કરશો તે મને ગમશે." પહેલી વાર આજે મમ્મી પપ્પા મરુતને કોઈ કારણ વગર આટલો ખુશ જોયો હતો.

ત્યારબાદ મરુત ખૂબ આનંદમાં રહેવા લાગ્યો. બોર થવાનું તો એ જાણે ભૂલી જ ગયો. એ એટલો ખુશ રહેતો કે એના સાથથી બીજાને પણ આનંદ આવતો. સાચી જ વાત છે ને, જે પોતે અંદરથી આનંદિત હોય એ જ તો બીજાને આનંદ વહેંચી શકે. ખરુને?



# ચાલો રમીએ...

## ૧ રસ્તો શોધો.




## ૨ નીચે આપેલા સ્પેલિંગને બાજુમાં આપેલા ચોકઠામાંથી શોધો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| b | o | o | t | i | e | s | i | g |
| b | a | h | u | v | a | q | n | o |
| a | h | i | p | p | o | m | e | e |
| s | t | e | k | c | i | r | c | l |
| m | e | f | i | n | g | e | r | c |
| d | r | a | g | o | n | w | v | y |
| i | b | r | i | d | g | e | l | c |
| z | m | d | s | a | n | w | s | i |
| l | p | f | o | r | e | s | t | b |

Hippo,
Bridge,
Forest,
drangon,
Bicycle,
Cricket,
Booties

## 3 સુડોકુ પૂર્ણ કરો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 6 | 3 | 5 | | 9 | |
| | | 8 | | 7 | | | 3 | 6 |
| 6 | 5 | | | 9 | | 4 | | |
| 1 | | | | 4 | 2 | 7 | | 9 |
| 5 | | 4 | | 6 | | 3 | 1 | 2 |
| | 9 | 2 | 8 | | 3 | | | 5 |
| | | 7 | | 2 | | | 5 | 3 |
| 3 | 4 | 5 | | 8 | 6 | 1 | | |
| | 1 | | 3 | | 7 | 8 | 6 | 4 |



## ૪ બાજુમાં આપેલા ચિત્રને ટપકાં જોડી પૂર્ણ કરો.





પૃષ્ઠ ચંપાનગર અત્યંત સમૃદ્ધ નગર હતું. એ નગરના રાજા શાલ, એક નિતિપરાયણ અને ધર્મપ્રેમી રાજા હતા. તેમના પ્રજા પ્રેમની સુવાસ ચારેકોર ફેલાયેલી હતી. સાલે પોતાના નાના ભાઈ, મહાશાલને યુવરાજ પદ આપ્યું હતું. આ બંને ભાઈઓના રાજ્યમાં પ્રજા સર્વ રીતે સુખી અને આબાદ હતી.

તે સમયે ભગવાન મહાવીર, જુદા જુદા ક્ષેત્રોમાં વિચરીને દેશના આપતા હતા. જે ક્ષેત્રમાં પ્રભુના પગલાં પડતાં, તે ક્ષેત્ર પાવન બની જતું.

એક દિવસ, રાજા શાલને સમાચાર મળ્યા, "ભગવાન મહાવીર આપણા નગરના ઉદ્યાનમાં પધાર્યા છે."

આ શુભ સમાચાર સાંભળીને રાજા શાલ હર્ષવિભોર બની ગયા. શાલ રાજાએ ભગવાન મહાવીરની આત્મસાધનાની અનેક વાતો સાંભળી હતી. આજે એમના પ્રત્યક્ષ દર્શન કરવાનો અમૂલ્ય અવસર આવ્યો હતો. પોતાના નાના ભાઈ મહાશાલ અને રાજ પરિવાર સાથે રાજા શાલ પ્રભુચરણે આવી બેઠા.


રાજા શાલને પ્રભુની દેશનાનો એક એક ક્ષણ રાજવૈભવના સુખથી જાણે અનેક ગણો વધારે લાગ્યો. પ્રભુની વાણીનો એક એક શબ્દ રાજા શાલના અંતરમાં વસી ગયો. આખા જીવનમાં જેવો આનંદ નહોતો ચાખ્યો, તે આજે પ્રભુની દેશનામાં રાજા શાલે ચાખ્યો. તેમનું મન કોઈ અવનવી વસ્તુની શોધ માટે તત્પર થઈ બેઠું.

પ્રભુની દેશના પૂરી થઈ એટલે શાલે પોતાના નાના ભાઈ મહાશાલને કહ્યું, "ભાઈ, તું યુવરાજ છે ! તું રાજ્ય ચલાવવાને સર્વથા યોગ્ય છે. તું આ રાજ્યભાર સંભાળી લે અને મને પ્રભુચરણે બેસવા દે."

અખૂટ સંપત્તિ અને રાજવૈભવ પણ પ્રભુના ચરણમાં અનુભવતા આનંદ આગળ ફીક્કા હતા. યુવરાજ મહાશાલ પણ રાજા શાલના જ ભાઈ હતા ને ! પ્રભુ-દેશના સાંભળ્યા પછી, એમનું મન પણ સંયમના માર્ગે પ્રયાણ કરવા તલસી રહ્યું હતું. એમણે નમ્રતાપૂર્વક કહ્યું, "ભાઈ, જે રાજ્ય, જે વૈભવ અને જે સંપત્તિ આપને ત્યાગવા લાયક લાગતા હોય તેને સ્વીકારીને મારે શું કામ છે ? જે માર્ગે તમે સુખી થવા જઈ રહ્યા છો, તે જ માર્ગે મારે પણ સુખી થવું છે. હું પણ આપની સાથે જ રહીશ. જ્યાં આપ, ત્યાં આપનો આ સેવક." નાના ભાઈની આવી ભાવના સાંભળીને, રાજા શાલ અવાક્ બની ગયા. પોતાના નાના ભાઈની ભાવનાને સ્વીકાર્યા વગર છૂટકો નહોતો.

અહીં તો રાજ્ય મેળવવાની નહિ, પણ રાજ્યનો ત્યાગ કરવાની સ્પર્ધા મંડાઈ હતી. એને એ સ્પર્ધા કરનાર બંને માંથી કોઈનો પણ પરાજય નહિ,

# ઐતિહાસિક ગૌરવગાથા



પણ બંનેનો મહાવિજય થવાનો હતો. છેવટે નક્કી થયું કે પૃષ્ઠ ચંપાનગરીનું રાજ્ય શાલ અને મહાશાલના ભાણેજ, ગાંગિલને સોંપવું.

પોતાના ભાણેજને રાજ્યભાર સોંપી, બંને ભાઈ રાજ કારભારની ચિંતાથી મુક્ત બન્યા અને પ્રભુના પગલે ચાલી નીકળ્યા. તેઓ પ્રભુના મુનિ મંડળમાં જોડાઈ ગયા. પ્રભુની દેશનામાં જે જ્ઞાન સાંભળ્યું હતું, તેનો અનુભવ તેમને થવા લાગ્યો. પ્રતિદિન એમનો આનંદ વધતો જ ગયો. પ્રભુના સાનિધ્યમાં એમને આત્માનું ખરું સુખ ચાખ્યું.

એક દિવસ શાલ અને મહાશાલ મુનિને વિચાર આવ્યો, "આપણે તો છૂટ્યા, પણ આપણો ભાણેજ ગાંગિલ, આપણા જ કહેવાથી વધુ ફસાયો, તેનું શું ? મામાના હાથે, ભાણેજનું આવું અકલ્યાણ ? આપણી આત્મસાધના ત્યારે જ દીપે જ્યારે આપણે આપણા સ્વજનોને કલ્યાણનો માર્ગ બતાવીએ અને આપણા આ આનંદ અનુભવના ભાગીદાર બનાવીએ."

શાલ અને મહાશાલ મુનિઓએ ભગવાનને વિનંતી કરી, "પ્રભુ, આપે જેમ અમારું કલ્યાણ કર્યું, એમ અમારા માટે માયાજાળમાં ફસાયેલ ગાંગિલ અને બીજા સ્વજનોનું પણ કલ્યાણ થાય એવી કૃપા કરો." મહાવીર ભગવાને ગણધર ગૌતમને ગાંગિલ અને તેના માતા-પિતાને પ્રતિબોધ કરવા જવાની આજ્ઞા કરી.

શ્રી ગૌતમ ગણધર, શાલ-મહાશાલ મુનિ સાથે ગાંગિલને પ્રતિબોધવા રાજગૃહીથી પૃષ્ઠ



ચંપાનગરીમાં આવ્યા. પ્રભુના પરમ ભક્ત, ગૌતમ ગણધરે એ સર્વને પ્રતિબોધ પમાડી, આત્મમાર્ગના ઉપાસક બનાવ્યા. ક્ષણ પહેલાંનો રાજવી ગાંગિલ પોતાના માતા પિતા સાથે મુનિવેશ ધારણ કરી, પ્રભુચરણમાં શરણ મેળવવા ચાલી નીકળ્યો.

જે મામાના સ્નેહે ગાંગિલને અપાર રાજ્ય વૈભવનો સ્વામી બનાવ્યો હતો, તે જ મામાના સ્નેહે એને અનંત આત્મ વૈભવનો માર્ગ દર્શાવ્યો.

રસ્તે ચાલતાં સૌના મન ગુરૂ ગૌતમના ઉપદેશના સ્મરણમાં લીન બન્યા હતા. સહુ અંતઃર્મુખ બની ગયા હતા. તીવ્ર ભાવનાના ફળ સ્વરૂપે, મુનિ શાલ-મહાશાલ, ગાંગિલ અને એમના માતા-પિતાને માર્ગમાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સૂર્યદેવ સોળે કળાએ ખીલી ઊઠે, એમ એમનો આત્મા પણ પૂર્ણ રૂપે ખીલી ઊઠ્યો. તે વખતના આનંદનું તો વર્ણન પણ શક્ય નથી.

પ્રભુ પાસે આવીને, ગૌતમ સ્વામીએ પ્રદક્ષિણા દીધી અને પાંચે ધર્માત્માઓને પણ પ્રભુને પ્રદક્ષિણા દેવા કહ્યું. પ્રભુએ ત્યારે ગૌતમને કહ્યું, "હે ગૌતમ, એ પાંચેયને કેવળજ્ઞાન થયું છે. એમનો વિનય કરો."

સરળતા અને નમ્રતાની મૂર્તિ ગુરૂ ગૌતમસ્વામીએ નત મસ્તકે એમની ક્ષમા યાચી અને તેમનો વિનય કર્યો.

દેવતાઓએ મહોત્સવ કર્યો. માનવ વૃંદ એ પુણ્યાત્માઓને વંદી રહ્યું.

અને આમ, શાશ્વત આનંદ પ્રાપ્ત કરી, સ્નેહીજનોને પણ એ આનંદ પમાડવાની આ કથા અમર બની ગઈ.

લોનાવાલાનો એક પ્રસંગ છે. મહાત્માઓ નીરુમા સાથે લોનાવાલા પીકનીક પર ગયેલા. કચ્છી સેનેટોરિયમમાં બધાનો ઉતારો અને બાજુની હોટલમાં સત્સંગ.

પહોંચીને આરામ કર્યા બાદ સત્સંગ હતો. બધા મહાત્માઓ સત્સંગ હોલમાં પહોંચી ગયા હતા. સત્સંગ હોલની પહોળાઈ બહુ ઓછી હતી અને લંબાઈ વધારે હતી. તેથી નીરુમા બધાને દેખાય એ હેતુથી બે ટેબલ પર એમનો સોફો ગોઠવવાનો હતો. અને નીરુમા માટે બે ટેબલો મૂકીએ અને ટેબલ પર સોફો મૂકવાનો. થોડી વારમાં નીરુમા આવ્યા.

ટેબલ ઉપર સોફો ગોઠવાયો નહોતો. નીરુમાને આવતા જોઈ ફટાફટ સોફો તો ગોઠવી દીધો. પણ ટેબલો એટલા ઊંચા, લગભગ ૩ ફૂટ ઊંચા, એટલે નીરુમા સોફા પર એમ ને એમ ચડી ન શકે.

કોર્ડિનેટર મહાત્માએ બૂમ પાડી કે, નીરુમાને ચડવા માટે ખુરશી લાવો.

આ સાંભળ્યું કે તરત નીરુમાએ એમને પાછળથી ટપલી મારી કે, બૂમાબૂમ શું કરે છે ? ઘોડો થઈ જા ને. તો ક્યાં ખુરશીની જરૂર છે !

કોર્ડિનેટર મહાત્મા ઘૂંટણિયે ઊભા રહી ગયા. નીરુમા આરામથી એમની પીઠ ઉપર ઊભા રહી ગયા. પછી ૨ થી ૩ મિનિટ અસીમ જય જયકાર કર્યા.

પછી નીરુમા ટેબલ પર ચડી ગયા અને એ ભાઈને ઊભા થઈ જવાનું કહ્યું. અને કહ્યું કે, આ અમારી તને એક લાઈફ ટાઈમની ગીફ્ટ.

કોર્ડિનેટર મહાત્મા ભાઈ તો ખુશખુશાલ થઈ ગયા.

**જ્ઞાનીઓના ગેલ-ગમ્મત, મહાત્માઓ માટે અહોભાવનું કારણ બની જતા.**

# મીઠી યાદેં









# અડાલજ ખાતે કલ્ચરલ પ્રોગ્રામ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી





Akram Express

September 2017
Year : 10, Issue : 1
Conti. Issue No.: 109

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month











# BMHT દ્વારા જન્માષ્ટમીની ઉજવણી



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.